# ઘ-૨ અપના બજાર પાસેના જાહેર શૌચાલયમાં ગંદકીનુ સામ્રાજય

## સફાઇ અને જાળવણીના અભાવ વચ્ચે સુવિધા જ દુવિધાનુ કારણ બની

ગાંધીનગર તા ૨૦

શહેરમાં શૌચાલયોની જાળવણીનો મુદ્દે તંત્ર તદન લાપરવાહ હોવાનુ સ્પષ્ટ થયુ છે. સ્માર્ટ સીટી અને નિર્મળ નગરની



વાતો વચ્ચે ગંદકીની સમસ્યા એકબાજુ વધુ હઠીલી બનતી જાય છે. ત્યારે લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા શૌચાલયો જ ગંદકીનો અડ્ડો બની ગયા છે. ઘ-૨ પાસે સ્થિત જાહેર શૌચાલયમાં સફાઇના અભાવે ગંદકી ખદબદી રહી છે. જેના લીધે આમ નાગરિકો શૌચાલયનો ઉપયોગ કરવાનુ પણ ટાળે છે. શહેરને સ્વચ્છ બનાવાની હાકલ સાથે સફાઇ ઝુંબેશના બણગા ફુંકતા કોર્પોરેશનનુ તંત્ર શૌચાલયની જાળવણી માટે જરા પણ દરકાર લેતુ ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જેના પરિણામે સુવિધા જ દુવિધાનુ કારણ બની હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે.

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન સકેટરોમાં સમસ્યાઓનો ઢગ ખડકાયો છે. સેકટરોમાં રખડતા ઢોરની સાથે ગંદકી ખદબદતી જોવા મળે છે. બીજીતરફ જાહેરમાં થતી શૌચક્રીયા અટકાવવા માટે લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા શૌચાલયો પણ જાળવણીના અભાવે ખંડેર બનતા જાય છે.હાલ આ શૌચાલયોમાં ગંદકીનુ સામ્રાજય જોવા મળે છે. અસહ્ય ગંદકીથી ખદબદતા શૌચાલયોનો ઉપયોગ કરવાનુ પણ નાગરિકો ટાળી રહયા હોય તેવી સ્થિતિ છે. શૌચાલયોની જાળવણી માટે અગાઉ લાંબા સમય સુધી કોઇ નિર્ણય ન લેવાતા આખરે આ જવાબદારી કોર્પોરેશનને સોંપવામાં આવી હતી. પરંતુ સ્માર્ટ સીટી અને નિર્મળ નગરની વાતો હાંકતા તંત્રને માત્ર સુશોભનમાં જ રસ હોય તેવુ સ્પષ્ટ થયુ છે. સ્વચ્છતાની કામગીરી કોરાણે મુકી દેવાતા સેકટરોમાં તો ગંદકીના ઢગ ખડકાઇ રહયા છે. જયારે શૌચાલયોમાં પણ સફાઇના નામે મીંડુ ચિતરાયેલુ જોવા મળી રહયુ છે. શહેરમાં આવતા મુલાકાતીઓ તેમજ જરૂરિયાતમંદોએ જાહેરમાં શૌચક્રીયા ન કરવી પડે તેમજ ગંદકીની સમસ્યા હલ થાય તેવા આશયથી શૌચાલયોના નિર્માણ માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.પરંતુ સફાઇ અને જાળવણીના અભાવે શૌચાલયોના અસ્તિત્વનો કોઇ હેતુ સરતો નથી.

### સર્વસંમતિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ કર્યું છે. આમ અધ્યક્ષપદ માટે ભાજપ-વિપક્ષ કોંગ્રેસ વચ્ચે સહમતિ સધાતાં હવે તેમની નિમણુંક સર્વસંમત થશે.

સોમવારે કાર્યકારી અધ્યક્ષ પરબતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. અધ્યક્ષ તરીકે રમણભાઈ વોરાના નામની જાહેરાત થતાં જ તેમને ગૃહના નેતા વિજય રૂપાણી અને વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલા વોરાની બેઠક પાસે જઈ તેમને સન્માન સાથે અધ્યક્ષની ખુરશી સુધી દોરી જશે.

આ પછી તેઓ ઉપાધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરશે. જેમાં કોંગ્રેસ-ભાજપ વચ્ચે સમજૂતી સધાઈ નથી. ભાજપ તરફથી શંભુજી ઠાકોરે તો કોંગ્રેસમાંથી શ્રીમતી ચંદ્રિકાબેન બારિયાએ આજે ઉમેદવારી નોંધાવી છે.

શંભુજી ઠાકોરના નામની દરખાસ્ત નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કરી છે અને તેનુ સમર્થન સંસદીય બાબતોના મંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાએ કરી છે. શંભુજી ઠાકોરે આજે ઉમેદવારી પત્ર રજુ કર્યુ ત્યારે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, દંડક પંકજ દેસાઈ, રાજ્યમંત્રી પ્રદિપસિંહજી જાડેજા તેમજ મંત્રીમંડળના અન્ય સભ્યો અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

તેઓ ઉમેદવારી કરી નીકળ્યા તેની ગણતરીની મિનિટોમાં જ કોંગ્રેસના શ્રીમતિ ચંદ્રિકાબેન બારિયાએ પણ ઉમેદવારી નોંધાવી છે. તેમના નામની દરખાસ્ત મહેન્દ્રસિંહ બારૈયાએ કરી છે જ્યારે તેનું સમર્થન મહેન્દ્રસિંહ શંકરસિંહ વાઘેલાએ કર્યું છે.

શ્રીમતિ બારિયાએ ઉમેદવારી નોંધાવી ત્યારે ધારાસભ્ય શૈલેષ પરમાર અને ડૉ. અનિલ જોશીયારા હાજર રહ્યા હતા.

ઉમેદવારી નોંધાવ્યા બાદ મહેન્દ્રસિંહ વાઘેલાએ પત્રકારોને જણાવ્યું હતું કે ઉપાધ્યક્ષપદ વિપક્ષને આપવાની પરંપરાનો ભાજપે ભંગ કર્યો છે. અમે ભાજપને ખુલ્લો પાડવા માટે ઉમેદવારી નોંધાવી છે. મહિલા સશક્તિકરણની વાતો કરે છે ભાજપ પણ સમર્થન નથી કરતો ભાજપ મહિલા મુખ્યમંત્રીને વિદાય આપી અને ઉપાધ્યક્ષપદ વિપક્ષને નહિ આપી બે મોંઢાની વાતો કરવા માટે ભાજપ જાણીતો છે. અમે પરંપરા અને પ્રણાલિઓના સન્માન માટે લડી રહ્યા છીએ. સોમવારે આ અંગે મૌખિક મતદાન દ્વારા ઉપાધ્યક્ષપદના ભાવિનો ફેંસલો થશે.

# તેરમી વિધાનસભાને પાંચમા અધ્યક્ષ મળશે

(પ્રકાશભાઈ જહા)

ગાંધીનગર, તા. ૨૦

આગામી સોમવારને તા. ૨૨ ઓગષ્ટના રોજ રાજ્યની ૧૩મી વિધાનસભાને પાંચમા અને ગુજરાત વિધાનસભાના ૨૫મા અધ્યક્ષ તરીકે રમણલાલ વોરાની સર્વસંમતિથી વરણી થશે.

## બે કાર્યકારી અધ્યક્ષો પણ આ વિધાનસભાએ જોયા છે : એક અધ્યક્ષ રાજ્યપાલ બનતાં હોદ્દો છોડ્યો, બીજા મંત્રી બનતાં હોદ્દો છોડ્યો

તેરમી વિધાનસભામાં સૌ પ્રથમ વિધાનસભાના અધ્યક્ષ તરીકે વજુભાઈ વાળાની નિયુક્તી થઈ હતી. કેન્દ્રમાં સત્તા પરિવર્તનની સાથે જ તેમને રાજ્યપાલ બનાવવામાં આવતાં તેમણે ૨૫ ડિસેમ્બરના રોજ અધ્યક્ષપદેથી રાજીનામુ આપ્યુ હતુ. આ પછી મંગુભાઈ પટેલે તા. ૩૦-૮-૧૪થી ૧૧-૧૧-૧૪ સુધી કાર્યકારી અધ્યક્ષપદ સંભાળ્યું હતું.

તા. ૧૦ નવેમ્બર ૨૦૧૪ના રોજ વિધાનસભાના અધ્યક્ષ તરીકે ગણપતભાઈ વસાવાની બીજીવાર નિયુક્તી કરવામાં આવી હતી. તેમણે ૬ ઓગષ્ટ ૨૦૧૬ના રોજ અધ્યક્ષપદેથી રાજીનામુ આપ્યુ હતુ. આ પછી કાર્યકારી અધ્યક્ષ તરીકે પરબતભાઈ પટેલની ૭મી ઓગષ્ટના રોજ નિયુક્તી કરવામાં આવી હતી. આમ ૧૩મી વિધાનસભાએ બે અધ્યક્ષ અને બે કાર્યકારી અધ્યક્ષો પછી હવે ૨૨મીએ પાંચમા અધ્યક્ષની નિયુક્તી કરશે જે એક વિધાનસભાની તવારિખીમાં અનોખી ઘટના બનશે.

અધ્યક્ષપદેથી રાજ્યમંત્રી મંડળમાં સ્થાન મેળવનાર ગણપતભાઈ વસાવા બીજા અધ્યક્ષ છે. આ અગાઉ શશીકાન્ત લાખાણી અધ્યક્ષપદેથી રાજીનામુ આપી સ્વ. ચીમનભાઈ પટેલ મંત્રીમંડળમાં મંત્રી તરીકે જોડાયા હતા. ગણપતભાઈ વસાવા બીજીવાર મંત્રીમંડળમાં જોડાયા છે તે પણ તવારીખીની ઘટના છે.

ગુજરાત વિધાનસભાના ૨૫મા અધ્યક્ષ તરીકે રમણલાલ વોરા સોમવારે પદભાર સંભાળશે. ૪૧ વર્ષ બાદ રાજ્યને બીજા દલિત અધ્યક્ષ મળશે. આ અગાઉ સ્વ. રાઘવજી લેઉઆ ૧૭-૩-૬૭થી ૨૮-૬-૭૫ સુધી વિધાનસભાનું અધ્યક્ષપદ શોભાવી ચુક્યા છે અને તેમણે આપેલા નિર્ણયો આજે પણ વિધાનસભામાં “ક્વોટ” તરીકે ઉચ્ચારવામાં આવે છે.

ડૉ. કરશનદાસ સોનેરી, સ્વ. મનુભાઈ પરમાર, ચંદુભાઈ ડાભી અગાઉ કાર્યકારી અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળી ચુક્યા છે પણ નિયમિત અધ્યક્ષ તરીકે રમણલાલ વોરા બીજા દલિત અધ્યક્ષ બનશે.

# લીંબડીયા ગામમાં જુગારના અડ્ડા પર પોલીસનો દરોડો

ગાંધીનગર, તા. ૨૦

ડભોડા નજીક આવેલા લીંબડીયા ગામમાં મનાજી ઠાકોરના ઘર આંગણે જુગારનો અડ્ડો ચાલુ થઈ ગયો હોવાની બાતમીને આધારે ડભોડા પોલીસે દરોડો પાડીને સાત શકુનીઓને દબોચી લીધા હતા. રૂ. ૧૨,૮૧૦નો રોકડ મુદ્દામાલ જપ્ત કરીને ડભોડા પોલીસે સાતેયની ધરપકડ કરી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા પીએસઆઈ એન.એમ. ચૌધરી તથા તેમની ટીમે ચોકકસ બાતમીને આધારે લીંબડીયા ગામમાં ઈન્દીરાનગર ખાતે રહેતા મનાજી કાળાજી ઠાકોરના ઘર પાસે દરોડો પાડયો હતો. ઘરની આગળ ખુલ્લે આમ બાજી માંડીને બેઠેલા સાત શખ્સોને પકડી પાડવામાં આવ્યા હતા. લીંબડીયા ઈન્દીરાનગર ખાતે રહેતા પોપટ બાદર ઠાકોર, કલ્પેશ રામા દેસાઈ, ફુલા બાદર ઠાકોર, રાજેશ બાબુ વાળંદ, લીંબડીયા રામજી મંદિર પાસે ઠાકોર વાસમાં રહેતા વિષ્ણુ હેમતુ બિહોલા, લીંબડીયાના પટેલ વાસમાં રહેતા રમેશ ફતા ઠાકોર અને વલાદ ગામમાં જવાન ગાભા ઠાકોર મળીને સાત શખ્સોને જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડીને રોકડ રૂ. ૧૨,૮૧૦નો મુદ્દામાલ જપ્ત કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ગાંધીનગર ડેપોમાં ડ્રાઈવર-કંડકટરની માથાકુટમાં મુસાફરો હેરાન-પરેશાન

## માણસા-દાહોદ અને ગાંધીનગર-પાટવેલ બોર્ડર બસના ટાઈમ બાબતે માથાકુટ થઈ હતી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર એસટી ડેપોમાં આજે સાડાબાર વાગ્યાના અરસામાં ડ્રાઈવર-કંડકટરોની માથાકુટને લીધે મુસાફરો ૨૦ મીનીટ હેરાન થયા હતા. માણસા ડેપોથી પેસેન્જર ભરીને ગાંધીનગર ડેપોમાં આવેલ માણસા-દાહોદ એકસપ્રેસ બસમાંથી મુસાફરોને ઉતરી જવા માટે તેમજ બસ સાઈડમાં મુકવાનું ગાંધીનગર ડેપોમાં રહેલા ડ્રાઈવર-કંડકટરે કહેતા બસોના ડ્રાઈવર-કંડકટરો વચ્ચે માથાકુટ સર્જાઈ હતી. આ બખેડાથી મુસાફરો મોટીસંખ્યમાં એકઠા થઈ ગયા હતા. જયારે અન્ય ડ્રાઈવર-કંડકટરો એકત્ર થઈ મામલો થાળે પાડ્યો હતો.

ગાંધીનગર એસટી ડેપો ખાતે બપોરે સાડાબાર થી પોણાએક વાગ્યાના અરસામાં માણસા ડેપોની માણસા-દાહોદ બસ ગાંધીનગર ખાતે આવી પહોંચે છે. આ બસમાં દાહોદ તેમજ વચ્ચે આવતા તાલુકા મથકના ગામડાના મુસાફરો બેસીને મુસાફરી કરતા હોય છે. ગાંધીનગર ડેપોમાંથી પણ એક વાગ્યાના અરસામાં ગાંધીનગર-પાટવેલ બોર્ડર લોકલ બસ સેવા મુકવામા આવે છે. બંન્ને બસનો ટાઈમ મોટાભાગે એક સરખો હોવાથી માણસા દાહોદ બસમાં મોટાભાગના મુસાફરો તેમાં બેસીને જતા રહેતા હોવાથી તેમજ માર્ગમાં પણ ગાંધીનગરની બસને ટ્રાફિક ઓછો મળતો હોવાથી આજે ગાંધીનગર ડેપોમાં જ માથાકુટ થવા પામી હતી. જેમાં માણસાથી આવેલી બસ સાઈડમાં મુકીને મુસાફરોને ઉતારી દેવાની સુચના



કંટ્રોલર દ્વારા આપવામાં આવી હોવાનો આક્ષેપ માણસા બસના ચાલકે તેમજ કંડકટરે કર્યોહતો. માણસા-દાહોદ બસ છેલ્લા ઘણા સમયથી શરુ કરવામાં આવી છે. જયારે ગાંધીનગરથી પાટવેલ બોર્ડર બસ ૨ વાગે ઉપડતી હતી તેની જગ્યાએ સમય બદલીને ૧ વાગ્યાનો કરવામાં આવતા આ મુસીબત સર્જાઈ છે. ગાંધીનગર ડેપોના સ્ટાફે તમે બધા મુસાફર તમારી બસમાં લઈ જાવ છો એટલે અમારી બસને ટ્રાફીક મળતો નથી તેવુ જણાવી બખેડો સર્જયો હતો. ડેપોમાં જ સર્જાયેલા ડ્રાઈવર-કંડકટરની બબાલને પગલે મુસાફરો મોટીસંખ્યામાં એકઠા થયા હતા. જયારે ગાંધીનગર ડેપોના સ્ટાફે કરેલી માથાકુટના કારણે માણસા બસના મુસાફરોને ૨૦ મીનીટ સુધી હેરાન થવાનો વારો આવ્યો હતો. ડેપોના અન્ય કર્મચારીઓ વચ્ચે પડીને સમાધાન કરાવતા માણસા બસ દાહોદ જવા રવાના થઈ હતી.

# જય ગોગા યુવક મંડળ દ્વારા ૧૧મો નાગપંચમી પાટોત્સવ યોજાશે



ગાંધીનગર, તા. ૨૦

જય ગોગા યુવક મંડળ સે. ૫-બી દ્વારા આગામી તા. ૨૨મી ઓગષ્ટને સોમવારના રોજ સે. ૫-બીના શોપીંગની સામે આવેલ ગોગા મહારાજના મંદિરે ૧૧માં નાગપંચમી પાટોત્સવની ઉજવણી કરવામાં આવશે.

૧૧માં નાગપંચમી પાટોત્સવ નિમિત્તે સવારે ૮.૩૦ કલાકે પ્રાંત આરતી, હવનયજ્ઞ સવારે ૯.૩૦ કલાકે અને પૂર્ણાહૂતિ સાંજના ૪.૦૦ કલાકે મહા આરતીથી થશે. આ પ્રસંગે સવારના ૯ થી ૧૨ કલાક દરમિયાન શોભાયાત્રા નીકળશે તથા સાંજે ૭ કલાકે આરતી યોજાશે. જેનો લાભ લેવા ભાવિકોને જણાવાયું છે.

### રાષ્ટ્રપતિને અપીલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકાર સમસ્યાને ઉકેલે તેવી સૂચના રાષ્ટ્રપતિ આપે તે જરૂરી છે. રાજ્યમાં રાજકીય વિવાદને ઉકેલવા તમામ સંબંધિતોને આવરી લઈને વધુ વિલંબ કર્યા વગર કટોકટીને ઉકેલવાના પ્રયાસો કરવા રાષ્ટ્રપતિને અપીલ કરવામાં આવી છે. નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે, યોગ્ય અભિગમ મારફતે સમસ્યાને ઉકેલવાના પ્રયાસ થઈ રહ્યા નથી જે ખુબ જ દુખદ બાબત છે. રાજ્યમાં શાંતિ અને સ્થિરતા ઉપર લાંબાગાળે અસર થઈ રહી છે. રાજ્ય પીસીસીના વડા જીએ મિર, સીપીએમના ધારાસભ્ય તારીગામ, અપક્ષ ધારાસભ્ય હકીમ યાસિન પણ તેમની સાથે રહ્યા હતા. છેલ્લા ૪૨ દિવસથી કાશ્મીર ખીણમાં સ્થિતિ વણસેલી છે. મોટી સંખ્યામાં લોકોના મોત પણ થઈ ચુક્યા છે. કાશ્મીર ખીણમાં ભડકી ઉઠેલી હિંસા નવા વિસ્તારમાં પહોંચી રહી છે. પીર પંજાલ અને જમ્મુ પ્રદેશમાં ચિનાબ ખીણ અને કારગિલ વિસ્તારમાં પણ હિંસાની શરૂઆત થઈ રહી છે. તેમણે કહ્યું હતું કે, જ્યારે પણ પરિસ્થિતિ ગંભીર હોવાની વાત કરવામાં આવે છે ત્યારે રાજ્ય અને કેન્દ્ર સરકાર વહીવટી પગલાઓનો ઉપયોગ કરીને આંદોલનને દબાવી દેવાના પ્રયાસ કરે છે. પેટ્રોલ અને અન્ય જીવન જરૂરી ચીજવસ્તુઓના વેચાણને પણ બંધ કરી દેવામાં આવે છે. પરિસ્થિતિને સામાન્ય બનાવવા કેન્દ્ર અને રાજ્ય સ્તરે પ્રયાસો વિરોધ પક્ષોને સાથે લઈને હાથ ધરવામાં આવે તે જરૂરી છે.

# હિંમતનગરની કોર્ટમાંથી મોપેડ ચોરાયું

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર કોર્ટમાં સરકારી વકીલની ઓફીસ નજીક ૧૬ ઓગષ્ટના રોજ પાર્ક કરેલ મોપેડ નં. જી.જે.૦૯. સીકે.૫૬૭૪ ની કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી ભાગી ગયો હતો. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા દિશાબેન શીતલકુમાર નાયકે શુક્રવારે રૂ. ૨૫ હજારનું મોપેડ ચોરાયાની ફરિયાદ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

### આરબીઆઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈન્ફોર્મેશન જેવી બાબતો તેઓ હાલ સંભાળી રહ્યા છે. ઉર્જિત પટેલે લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાંથી બીએની ડિગ્રી મેળવી હતી. ત્યારબાદ ૧૯૮૬માં ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાંથી એમફિલની ડિગ્રી મેળવી હતી. તેઓએ ૧૯૯૦માં યાલે યુનિવર્સિટીમાંથી ઈકોનોમિક્સમાંથી ડોક્ટોરેટની ડિગ્રી મેળવી હતી. કેનિયન નાગરિક તરીકે આઈએમએફમાં તેઓ સામેલ થયા હતા. ૧૯૯૧-૯૪ના ગાળા દરમિયાન તેઓ આઈએમએફ ઈન્ડિયા ડેસ્ક તરીકે રહ્યા હતા. ૧૯૯૨-૯૫માં ભારતમાં આઈએમએફ કન્ટ્રી મિશન તરીકે તેઓ પોસ્ટ થયા હતા. પીએચડીની ડિગ્રી મેળવી લીધા બાદ પટેલ ૧૯૯૦માં ઈન્ટરનેશનલ મોનિટરી ફંડમાં સામેલ થયા હતા.

## નામ બદલેલ છે

મારું નામ પટેલ કૈલાસબેન છોટાભાઈ હતું તે બદલી પટેલ કૈલાસબેન દિનેશકુમાર રાખેલ છે.
મુ. પો. સલાલ, તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠા, ગુજરાત

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
મધુર ડેરી, સેક્ટર-૨૫, ‘ક’ રોડ, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦
ધી ટેસ્ટ ઓફ કેપીટલ
મધુર કાફે પાર્લર ચલાવવા
મધુર ડેરીના મેઈન ગેઈટ ઉપર આવેલ ‘મધુર કાફે પાર્લર’ (ફાસ્ટ ફૂડ) એજન્સી / ભાડા કરારના ધોરણે ચાલવવા માટે આપવાનું છે. પરમેનન્ટ ઈન્કમટેક્ષ નંબર ધરાવતા તેમજ ફાસ્ટફુડના અનુભવ તેમજ ફુડ સેફ્ટી લાયસન્સ ધરાવતા હોય તેવા ઈસમોએ તા. ૨૨/૮/૨૦૧૬થી તા. ૨૯/૮/૨૦૧૬ સુધીમાં અરજી ફોર્મ મેળવીને તા. ૩૦/૮/૨૦૧૬ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં કવર ઉપર મધુર કાફે પાર્લર લખીને રૂબરૂ પરત કરવાના રહેશે. વધુ માહિતી માટે માર્કેટીંગ વિભાગનો સંપર્ક કરવો.
મેનેજીંગ ડિરેક્ટર

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.